## સંક્ષિપ્ત સમાચાર

### ડો.વનરાજસિંહ મહીડા ગુજરાત મેડિકલ કાઉન્સિલના પ્રમુખ પદે વરાયા



ભરૂચ: વાલિયાની શ્રી રંગ નવચેતન ટ્રસ્ટના સેક્રેટરી અને હાલમાં દિલ્હી ખાતે ભારતના મેડિકલ કાઉન્સિલ (NMC)ના જોઇન્ટ સેક્રેટરી તરીકે કુશળ વહીવટકર્તા ડો. વનરાજસિંહજી મહીડા (મૂળ દેસાડ, વાલિયા)ને ગુજરાત મેડિકલ કાઉન્સિલ (GMC)ના પ્રમુખ પદે વરણી કરવામાં આવી છે. આ મહત્વપૂર્ણ નિમણૂક બાદ નવચેતન સંસ્થા પરિવાર અને તેમના સમર્થકોમાં ખુશીનો માહોલ છવાયો છે. મંગળવારે વાલિયા ખાતે આવેલી ડો. વનરાજસિંહ મહીડા કોલેજ તેમજ હાઇસ્કૂલ ખાતે તેમના આગમન પ્રસંગે ટ્રસ્ટીગણ, પ્રિન્સીપાલ, પ્રોફેસરો, વહીવટી સ્ટાફ અને શિક્ષણગણે પુષ્પગુચ્છ આપીને તેમનું ભવ્ય બહુમાન કર્યું હતું. આ પ્રસંગે રંગ નવચેતન ટ્રસ્ટના ટ્રસ્ટીઓ, મહિલા આર્ટસ કોલેજ, કોમર્સ કોલેજ, નવચેતન વિદ્યા મંદિર હાઇસ્કૂલ સહિતની સમગ્ર શૈક્ષણિક ટીમે તેમને આવકારીને હરખ વ્યક્ત કર્યો છે.

### ભાંડુત ગામમાં તાડ ઉપર મોર ફસાયો

સાયણ: ઓલપાડ તાલુકામાં વરસાદના આગમન સાથે ટહુકતા મોરનું એક ઝૂંડ બુધવાર, તા.૧ના રોજ વહેલી સવારે ભાંડુતમાં વિહરી રહ્યું હતું. આ સમયે એક મોર તાડના વૃક્ષ ઉપર ફસાતાં તેને સ્થાનિક ગ્રામજનોએ જોયો હતો. જેથી તેઓએ વન વિભાગ તંત્રને જાણ કરતાં વન વિભાગે સુરત ફાયર સ્ટેશનમાં કોલ કર્યો હતો. જે કોલને આધારે જહાંગીરપુરા ફાયર ટીમના જવાનો મહાકાય સીડી સાથે ઘટના સ્થળે પહોંચ્યા હતા. જ્યાં ફાયર ટીમના જવાનોએ ફસાયેલા મોરને મહા મહેનતે રેસ્ક્યુ કરી સહી સલામત બહાર કાઢી મોરને ગામની સીમમાં છોડી મૂક્યો હતો.

### માંડવીના PSI એ.ટી.રાઠવાનો નિવૃત્તિ વિદાય સમારંભ યોજાયો


હિતેશ પટેલ

માંડવી: માંડવી પોલીસ સ્ટેશન ખાતે ફરજ બજાવતા PSI એ.ટી.રાઠવાનો વયનિવૃત્તિ વિદાય સમારંભ PI જયેશ વળવીના અધ્યક્ષ સ્થાને ભવ્ય રીતે યોજાયો હતો. વિદાય સમારંભ દરમિયાન પોસઇ રાઠવાને શ્રીફળ, પુષ્પગુચ્છ અને સ્મૃતિભેટ આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમના અંતે પોસઇ એ.ટી. રાઠવાએ પોતાના સેવાકાળનાં સ્મરણો વાગોળ્યાં હતાં.

### મોસાલી પ્રાથમિક શાળા ખાતે કાર્યક્રમ

સુરત: સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયાના ૭૧મા સ્થાપના દિવસ નિમિત્તે મોટામિયા માંગરોળ બ્રાન્ચ દ્વારા મોસાલી પ્રાથમિક શાળામાં ઉજવણી કરાઈ હતી. બ્રાન્ચ મેનેજર રમણીક નકુમ અને સ્ટાફે કેક કાપી બાળકોને પેન-પેન્સિલ ભેટ આપ્યાં હતાં. કાર્યક્રમમાં બેંકિંગ યોજનાઓની માહિતી આપી વૃક્ષારોપણ કરાયું હતું. સુરત જિલ્લા પ્રાથમિક શિક્ષક ઉપપ્રમુખ સહિત શાળાનો સ્ટાફ હાજર રહ્યો હતો.

### સિનિયર સિટિઝન ક્લબ દ્વારા ૫૬ વરિષ્ઠ નાગરિકનો જન્મદિવસ ઉજવાયો



બારડોલી: બારડોલી સિનિયર સિટિઝન ક્લબ દ્વારા જૂન માસમાં જન્મેલા ૫૬ સિનિયર સિટિઝન ભાઈ-બહેનોનો જન્મદિવસ ઉજવવામાં આવ્યો હતો. ક્લબના પ્રમુખ દિનેશભાઈ સી. દેસાઈના નેતૃત્વમાં યોજાયેલા આ કાર્યક્રમમાં યુ.એસ.એ.થી પધારેલા શશીનભાઈ વોરા, એન્ફોર્સમેન્ટ ઓફિસર પારુલબેન રાઠોડ, હંસાબેન ચૌહાણ, માધુભાઈ ચૌહાણ અને ભરતસિંહ ખરવાસીયા તરફથી ક્લબને દાન પ્રાપ્ત થયું હતું, જેમનું પુષ્પગુચ્છ અને શાલથી સન્માન કરાયું હતું. સ્થાપક સભ્ય માધુભાઈ ચૌહાણે પણ પોતાના પ્રતિભાવ આપ્યા હતા. અંતમાં સહમંત્રી વિજયકાંત શેઠે આભારવિધિ કરી હતી.


હિતેશ પટેલ

## માંડવીમાં નેશનલ હાઈવેના નવા એલાઈનમેન્ટ સામે ખેડૂતોનો વિરોધ

**પોલીસ** બંદોબસ્ત વચ્ચે સરવેની કામગીરી પૂર્ણ

માંડવી: નેશનલ હાઈવે ઓથોરિટી દ્વારા જાહેર કરાયેલા બોડેલીથી વાપી સુધીના નેશનલ હાઈવે નં.56ના નવા એલાઈનમેન્ટ સામે માંડવી તાલુકાના ખેડૂતોમાં ભારે રોષ ફાટી નીકળ્યો છે.

આ પ્રોજેક્ટ અંતર્ગત દેવગઢ નજીકના 100 કિલોમીટરના વળાંકને નાબૂદ કરી રસ્તો સીધો કરવાનું આયોજન છે. જો કે, હાઈવેને સીધો કરવા જતાં માંડવી તાલુકાના બેડધા, બલેઠી, દેવગઢ, ઈસર, વિસડાલીયા, જૂનવાણ, ફૂલવાડી, ગામતળાવ ખુર્દ, સરકુઈ અને સઠવાવ સહિતનાં અનેક ગામોની ફળદ્રુપ જમીનો સંપાદનમાં જતી હોવાથી સ્થાનિક ખેડૂતો પોતાની જમીન બચાવવા મેદાને પડ્યા છે. સરવેની કામગીરીના ચોથા દિવસે સઠવાવ, સરકુઈ, બેડધા અને કાકરાપાર ગામોમાં ડાયવર્ઝનને કારણે અસરગ્રસ્ત બનતાં ખેડૂતોએ જમીન સંપાદનનો સખત વિરોધ કર્યો હતો. ખાસ કરીને કાકરાપાર વિસ્તારમાં મોટી સંખ્યામાં ખેડૂતોએ એકઠા થઈ વહીવટી તંત્ર સામે ભારે આક્રોશ વ્યક્ત કર્યો હતો.

ખેડૂતોના ઉગ્ર વિરોધને પગલે કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે જિલ્લા પોલીસે ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દીધો હતો. ઉચ્ચ અધિકારીઓએ સ્થાનિકોને સમજાવવાના પ્રયાસો કર્યા હતા અને આખરે પોલીસના કડક પહેરા વચ્ચે સરવેની કામગીરી પૂર્ણ કરવામાં આવી હતી. બીજી તરફ વહીવટી તંત્ર દ્વારા અસરગ્રસ્ત ખેડૂતોને સરકારના નિયમોનુસાર યોગ્ય વળતર ચૂકવવાની ખાતરી આપવામાં આવી છે.

### અંકલેશ્વરમાં પ્રથમ વરસાદે જ પોલ ખોલી: સી-પમ્પિંગ સ્ટેશન ઊભરાયું

અંકલેશ્વર: અંકલેશ્વર ઔદ્યોગિક વસાહતમાં પ્રથમ જ વરસાદમાં સી-પમ્પિંગ સ્ટેશન ઉભરાઈ જતાં પ્રદૂષણ નિયંત્રણની વ્યવસ્થા સામે પ્રશ્નો ઊભા થયા છે. કેટલાક ઉદ્યોગોમાંથી નીકળતું પ્રદૂષિત પાણી વરસાદી ગટરોમાં ભળી વરસાદી પાણી સાથે વહેતું જોવા મળતાં સ્થાનિકો અને પર્યાવરણપ્રેમીઓમાં ચિંતા વ્યાપી છે. દર વર્ષે ચોમાસા દરમિયાન આવી સ્થિતિ સર્જાતી હોવા છતાં સંબંધિત વિભાગો અને ઉદ્યોગોને અગાઉથી તકેદારી રાખવા માટે રજૂઆતો કરવામાં આવતી રહી છે. તેમ છતાં આ વર્ષે પણ સમસ્યાનું પુનરાવર્તન થતાં તંત્રની મોન્સૂન પૂર્વ તૈયારીઓ સામે સવાલો ઊભા થયા છે. પર્યાવરણ સાથે સંકળાયેલાં વર્તુળોના જણાવ્યા મુજબ વરસાદી પાણી સાથે વહેતું પ્રદૂષિત પાણી ડ્રેનેજ મારફતે અંતે નર્મદા નદી અને અરબી સમુદ્ર સુધી પહોંચે છે, જે જળચર જીવસૃષ્ટિ, પર્યાવરણ અને માનવ સ્વાસ્થ્ય માટે જોખમરૂપ બની શકે છે. આ સ્થિતિને પગલે સ્થાનિકોમાં ચર્ચા છે કે બેઠકમાં લેવાયેલા નિર્ણયોનો અસરકારક અમલ મેદાનમાં જોવા મળ્યો નથી.

## ચેક બાઉન્સ કેસમાં બારડોલીના એજન્ટને એક વર્ષની કેદની સજા

**કામરેજના** અંકિત પટેલ સાથે ઠગાઈ થઈ હતી



કામરેજ: યુરોપના લિથુઆનિયામાં વર્ક પરમિટ વિઝા અપાવવાના બહાને રૂ.2.30 લાખ પડાવી છેતરપિંડી આચરનાર બારડોલીના એજન્ટને કઠોર કોર્ટે એક વર્ષની સાદી કેદની સજા ફટકારી છે.

કામરેજની સહજાનંદ ગ્રીન સિટીમાં રહેતા અંકિત મિલન પટેલે ફેબ્રુઆરી-2024માં બારડોલી ખાતે 'નાઈસ ઈમિગ્રેશન' ચલાવતા જયદીપ ચંપક રાઠોડ (રહે.,9-સ્ટાર લાઈફ સોસાયટી, સૃષ્ટિ સોસાયટી, બારડોલી)નો સંપર્ક કર્યો હતો. વિદેશ જવા માટે રૂ.7 લાખનો ખર્ચ નક્કી કરી બંને વચ્ચે એગ્રીમેન્ટ થયું હતું, જેના ભાગરૂપે અંકિતભાઈએ ટુકડે-ટુકડે રૂ.2,30,000 ચૂકવ્યા હતા. જો કે, કામ ન થતાં જયદીપે રૂ.1,50,000નો ચેક આપ્યો હતો અને બાકીનાં નાણાં દિવાળી પછી આપવા જણાવ્યું હતું.

અંકિતભાઈએ આ ચેક એચડીએફસી બેંકમાં જમા કરાવતા તે 'ફંડ ઈન્સફીસિયન્ટ'ના શેરા સાથે રિટર્ન થયો હતો. વકીલ અમીષ ઠક્કર અને અલ્પેશ પરમાર મારફત નોટિસ મોકલવા છતાં કોઈ જવાબ ન મળતાં આખરે કઠોર કોર્ટમાં નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ-138 મુજબ કેસ દાખલ કરાયો હતો. કેસ ચાલતા જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ સ્વપ્નિલ ફટાણીયાએ આરોપી જયદીપ રાઠોડને 1 વર્ષની સાદી કેદની સજા અને વળતર પેટે રૂ.1.50 લાખ વાર્ષિક 6% વ્યાજ સાથે ચૂકવવાનો હુકમ કર્યો છે. વળતર ન ચૂકવે તો વધુ 6 માસની કેદની સજા ફટકારવામાં આવી છે.

## કડોદરામાં યુવકની હત્યા , સોશિયલ મીડિયા થકી ભાઈએ લાશ ઓળખી

**માથાના** ભાગે તીક્ષ્ણ અને હથિયારના ઘા ઝીંકી યુવાનની હત્યા કરાઈ

**જમણા** હાથ પર 'RAMESH JOSHI' અને બનિયાન પર 'રોનાલ્ડો' લખેલું હતું

પલસાણા: પલસાણાના અંત્રોલીમાં પરમ દિવસે એક અજાણ્યા યુવકની ઘાતકી હત્યા કરાયેલી લાશ મળી આવી હતી. કડોદરા જી.આઇ.ડી.સી. પોલીસે આ મામલે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી, જેમાં હવે મૃતકની ઓળખ થઈ ગઈ છે.

આ અંગે મળતી માહિતી અનુસાર ગત સોમવાર, ૨૯ જૂન-૨૦૨૬ના રોજ કડોદરાથી સુરત જતા સર્વિસ રોડની બાજુમાં આવેલા મહાત્મા ફ્રૂટ માર્કેટના ગ્રાઉન્ડના ઝાંડી-ઝાંખરામાંથી એક ૩૦થી ૩૫ વર્ષના અજાણ્યા પુરુષની લાશ મળી આવી હતી. કડોદરા જી.આઇ.ડી.સી. પોલીસ સ્ટેશનના પીએસઆઇ એમ.એલ.રામાણીએ સરકાર તરફથી આ મામલે ફરિયાદ નોંધાવી હતી.

મૃતદેહના પોસ્ટમોર્ટમ રિપોર્ટમાં સામે આવ્યું હતું કે, કોઈ અજાણ્યા ઇસમે અંગત સ્વાર્થ કે અગમ્ય કારણોસર યુવકના માથાના ભાગે કોઈ સખત અને તીક્ષ્ણ હથિયાર વડે ગંભીર ઇજા પહોંચાડી તેની કરપીણ હત્યા કરી હતી. જેના આધારે પોલીસે અજાણ્યા હત્યારા હત્યાનો ગુનો દાખલ કર્યો હતો. લાશ મળી આવી ત્યારે મૃતક પાસેથી ઓળખનો કોઈ પુરાવો મળ્યો ન હતો, પરંતુ તેના જમણા હાથ પર 'RAMESH JOSHI' નામનું ટેટુ ત્રોફાવેલું હતું તથા તેણે ક્રિસ્ટિયાનો રોનાલ્ડો લખેલું બનિયાન પહેરેલું હતું.

પોલીસ તપાસ દરમિયાન સોશિયલ મીડિયા ગ્રુપમાં મૃતકનો ફોટો વાયરલ થતાં તેના ભાઈ જગદીશભાઈ જોશીએ ફોટો જોઈને મૃતકની ઓળખ કરી છે. મૃતક યુવક સુરતના પુણા વિસ્તારમાં રહેતો હતો અને તેનું નામ રમેશ ચમનલાલ જોશી હોવાનું સામે આવ્યું છે. તે છૂટક મજૂરીકામ કરીને પોતાનું ગુજરાન ચલાવતો હતો. મૃતકની ઓળખ થઈ જતાં હવે કડોદરા જી.આઇ.ડી.સી. પોલીસ ઇન્સ્પેક્ટરની ટીમ દ્વારા હત્યા પાછળનું ચોક્કસ કારણ જાણવા અને હત્યારાઓને પકડી પાડવા માટે ચક્રો ગતિમાન કરવામાં આવ્યાં છે.

## વાલોડમાં તબેલામાં ઘૂસી કૂતરાંના ટોળાંએ 12 બકરીને ફાડી ખાધી

**પાદર** ફળિયામાં પણ બાળકી ઉપર હુમલો કર્યો, લોકો દોડી આવતાં બાળકીનો બચાવ

વાલોડ: ગુજરાતમાં રખડતા પશુઓ અને શ્વાનનો ત્રાસ એક ગંભીર સમસ્યા બની ચૂક્યો છે. તંત્રની 'આગ લાગે ત્યારે કૂવો ખોદવાની' નીતિ વચ્ચે તાપી જિલ્લાના વાલોડ તાલુકામાં કૂતરાંનાં આતંકે ભારે ચકચાર મચાવી છે. વાલોડ ચોકડીથી બાજીપુરા રોડ પર એચ.પી. પેટ્રોલ પંપની સામે આવેલા સુફિયાન અઝીઝ શેખના બકરાના વાડામાં કૂતરાંનું એક ઝૂંડ ત્રાટક્યું હતું. શ્વાનોએ ક્રૂરતાપૂર્વક ૧૨ જેટલી બકરીઓનો શિકાર કરી નાંખતાં પશુપાલકને મોટું આર્થિક નુકસાન વેઠવાનો વારો આવ્યો છે.

ઘટના દરમિયાન તબેલા માલિકે દોડી આવી બે કૂતરાંને મોતને ઘાટ ઉતાર્યાં હતાં, જ્યારે અન્ય ૫થી ૬ કૂતરાં ભાગી છૂટ્યાં હતાં. પશુપાલકે સાવચેતીના ભાગરૂપે જેસીબીથી ખાડો ખોદી તમામ મૃત બકરીઓને દફનાવી હતી, જેથી અન્ય પ્રાણીઓમાં હડકવા જેવો રોગચાળો ન ફેલાય. બીજી તરફ, વાલોડના પાદર ફળિયામાં દિલેર મંઝિલ પાસેથી પસાર થતી એક માસૂમ બાળકી પર પણ કૂતરાંએ હુમલો કર્યો હતો. સદનસીબે સ્થાનિકો સમયસર દોડી આવતાં બાળકીનો આબાદ બચાવ થયો હતો.

આ અગાઉ વાલોડ ગ્રામ પંચાયતના સરપંચે કૂતરાં સામે કાર્યવાહી કરવાનો પ્રયાસ કર્યો ત્યારે વિવિધ આક્ષેપો કરીને તેમને સસ્પેન્ડ કરાયાં હતાં, જેના કારણે આ વિવાદ હજુ શમ્યો નથી. શ્વાનોના વધતા આતંકથી સ્થાનિકોમાં વહીવટી તંત્ર સામે ભારે રોષ જોવા મળી રહ્યો છે. ગ્રામજનોની માંગ છે કે તંત્ર વહેલી તકે કૂતરાંને પકડી, તેમની નસબંધી કરી પાંજરે પૂરે, અન્યથા કોઈ માસૂમનો જીવ જઈ શકે છે. આવી ઘટનાઓ વચ્ચે ડોક્ટરો અને આરોગ્ય નિષ્ણાતોએ ખાસ સલાહ આપી છે કે કૂતરું કરડે ત્યારે સૌથી પહેલાં અસરગ્રસ્ત ભાગને વિલંબ કર્યા વિના સાબુથી સારી રીતે ધોઈ નાંખવો જોઈએ. ત્યારબાદ ૨૪ કલાકની અંદર જ હડકવા વિરોધી ઈન્જેક્શન લઈ લેવું અત્યંત અનિવાર્ય છે. આ બાબતમાં રાખેલી સહેજ પણ બેદરકારી મોટી મુશ્કેલી અને ગંભીર સમસ્યાઓ ઊભી કરી શકે છે.

### ભરૂચ નગરમાં યુવકનો ફાંસો ખાઈ આપઘાત

ભરૂચ: ભરૂચની લક્ષ્મીનગર સોસાયટીમાં મુસ્તુફા સૈયદ નામના યુવકે ફાંસો લગાવી આત્મહત્યા કરી લીધી હતી. યુવકે આત્મહત્યા કેમ કરી તેનું કારણ હજુ સુધી સ્પષ્ટ થઈ શક્યું નથી. આ બનાવમાં ભરૂચ શહેર બી ડિવિઝન પોલીસે લાશનો કબજો લઈ પોસ્ટમોર્ટમ અર્થે હોસ્પિટલ ખસેડી હતી.

## બુહારીમાં ગરીબની કેબિન તોડવા નીકળેલા તંત્રને હાઈકોર્ટની લપડાક

**હાઈકોર્ટમાં** પિટિશન હોવા છતાં પણ તંત્રએ કેબિન હટાવવા માટે ઉતાવળી કાર્યવાહી કરતાં હાઈકોર્ટ ખફા

**હાઈકોર્ટે** મામલતદાર, સિટી સરવે સુપ્રી. તેમજ તાપીના કલેક્ટરને શો-કોઝ નોટિસ ફટકારી સુનાવણી 7મી જુલાઈએ રાખી

બુહારી: ગુજરાત હાઇકોર્ટે તાપી જિલ્લાના વાલોડ તાલુકાના બુહારી ખાતે એક નાની ફૂટવેરની કેબિન (દુકાન) હટાવવાના મામલે સરકારી સત્તાધિકારીઓની મનસ્વી અને ઉતાવળી કાર્યવાહી સામે કડક વલણ અપનાવ્યું છે. હાઇકોર્ટે આ કેસમાં કાયદાકીય પ્રક્રિયાનું પાલન ન થયું હોવાનું પ્રાથમિક દ્રષ્ટિએ નોંધીને તંત્ર દ્વારા ઇશ્યૂ કરાયેલી નોટિસો પર વચગાળાનો સ્ટે આપ્યો છે. સમગ્ર મામલાની હકીકત એવી છે કે, બુહારી ગામમાં ફૂટવેરની નાની કેબિન ચલાવતા મુકેશકુમાર ભીખુભાઇ પરમારને કથિત રીતે ધારાસભ્યના દબાણથી સિટી સર્વે સુપરિન્ટેન્ડેન્ટ (તાપી-વ્યારા) દ્વારા ગુજરાત જમીન મહેસૂલ અધિનિયમ, ૧૮૭૯ની કલમ ૬૧ હેઠળ ગત ૨ જૂન ૨૦૨૬ના રોજ નોટિસ આપીને ૧૧ જૂને હાજર રહેવા જણાવાયું હતું. અરજદાર કોઇ કારણોસર હાજર ન રહી શકતા તંત્રએ તાત્કાલિક ૧૫ જૂને કલમ ૨૦૨ હેઠળ જગ્યા ખાલી કરવા બીજી નોટિસ ફટકારી દીધી હતી. અરજદારે ૨૦ જૂને આ નોટિસનો જવાબ આપ્યો હોવા છતાં, તેનો યોગ્ય વિચાર કર્યા વિના જ ૨૩ જૂને આદેશ કરીને ૧ જુલાઇ ૨૦૨૬ના રોજ સવારે ૧૧:૦૦ વાગ્યા સુધીમાં દબાણ હટાવી લેવા અલ્ટીમેટમ આપી દેવાયું હતું.

જેને પગલે હાઇકોર્ટમાં અરજદાર વતી એડવોકેટ કૃતિ શાહે જસ્ટિસ અનિરૂદ્ધ પી. માયીની કોર્ટ સમક્ષ તાકીદની સુનાવણી દરમિયાન ધારદાર દલીલો કરી હતી કે: કલમ ૬૧ હેઠળ માત્ર નોટિસ અપાઇ હતી, પરંતુ કોઇ આખરી આદેશ પાસ કરીને અરજદારને બજાવવામાં આવ્યો ન હતો. આખરી આદેશ વિના કલમ ૨૦૨ હેઠળ સીધી જગ્યા ખાલી કરાવવાની નોટિસ આપી શકાય નહીં. અરજદારને પોતાના બચાવ માટે રૂબરૂ સાંભળવાની તક પણ આપવામાં આવી નથી. કાયદા મુજબ કલમ ૬૧ ના આદેશ સામે અપીલ કરવાનો વૈધાનિક સમયગાળો મળવો જોઇએ, જે છીનવી લેવાયો છે અને કાયદાની યોગ્ય પ્રક્રિયા નું ઉલ્લંઘન થયું છે.

અરજદારના વકીલે કોર્ટનું ધ્યાન દોર્યું હતું કે આજે સવારે જ આ મામલે તાકીદની સુનાવણીની મંજૂરી મળતાં જ સંબંધિત અધિકારીઓને જાણ કરવામાં આવી હતી. આમ છતાં, હાઇકોર્ટની પ્રક્રિયાને પડકારતા હોય તેમ અધિકારીઓએ હાઇકોર્ટના સંભવિત આદેશને નિષ્ફળ બનાવવાના બદઇરાદાથી કેબિન હટાવવાની જોહુકમીભરી કાર્યવાહી ચાલુ રાખી હતી. હાઇકોર્ટે આ બાબતને ગંભીરતાથી લઇને તંત્ર દ્વારા ઇશ્યૂ કરાયેલી કલમ ૨૦૨ ની નોટિસ અને દબાણ હટાવવાના આદેશ પર તાત્કાલિક સ્ટે આપ્યો હતો અને સાથે સાથે તાપી કલેક્ટર, સિટી સરવે સુપ્રી. તેમજ મામલતદારને નોટિસ આપી લેખિત ખુલાસો માંગવાની સાથે આગામી સુનાવણી તા.7મી જુલાઇના રોજ નિયત કરી છે.

### બારડોલીમાં ઓટો-અપડેટના બહાને ડ્રાઈવર સાથે લાખોની છેતરપિંડી

બારડોલી: બારડોલીના ગાંધી રોડ પર રહેતા ૪૪ વર્ષીય સાદિક મોહમદ કાપડિયા ગત ૧૩ મેના રોજ ચા પીવા બેઠા હતા, ત્યારે અચાનક તેમનો મોબાઈલ ઓટો-અપડેટ થઈ બ્લોક થઈ ગયો હતો. ફોન ચાલુ થતાં જ જાણવા મળ્યું કે તેમની એક્સિસ બેંકના ખાતામાંથી UPI મારફતે ૯૦,૦૦૦ ઉપડી ગયા છે. ત્યારબાદ, ૧૮ મેના રોજ જાણ થઈ કે તે જ દિવસે તેમના IDFC બેંકના ક્રેડિટ કાર્ડમાંથી પણ ૧,૯૫,૦૦૦ કપાઈ ગયા હતા. ટેક્નોલોજીનો દુરુપયોગ કરી કુલ ૨,૮૫,૦૦૦ની ઓનલાઈન ઠગાઈ થતાં સાદિકભાઈએ બારડોલી ટાઉન પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે.

### અંકલેશ્વર ઉદ્યોગમંડળની ચૂંટણીમાં વિકાસ પેનલનો દબદબો યથાવત્

અંકલેશ્વર: અંકલેશ્વર ઉદ્યોગ મંડળની 10 બેઠકની ચૂંટણીનાં પરિણામો મોડી રાત્રે જાહેર થતાં વિકાસ પેનલે દબદબો જાળવી રાખ્યો છે. જેમાં વિકાસ પેનલના 8 ઉમેદવાર વિજેતા બન્યા છે, જ્યારે સહયોગ પેનલના 2 ઉમેદવારે જીત મેળવી છે. કુલ 90.48 ટકા જેટલું નોંધપાત્ર મતદાન નોંધાયું હતું. આ પરિણામ સાથે હવે 30 સભ્યોની મેનેજિંગ કમિટીમાં વિકાસ પેનલના કુલ 21 સભ્ય થઈ ગયા છે. પરિણામે આગામી કાર્યકાળ દરમિયાન મંડળના વહીવટ, નીતિગત નિર્ણયો અને વિકાસકાર્યોમાં વિકાસ પેનલનું પ્રભુત્વ યથાવત રહેશે.

## પત્નીની આત્મહત્યાના કેસમાં પતિનો નિર્દોષ છૂટકારો

**ફરિયાદ** પક્ષ આત્મહત્યા માટે દુષ્પ્રેરણાના આક્ષેપોને પુરવાર કરવામાં નિષ્ફળ

કડોદ: બારડોલી સ્થિત પાંચમા એડિશનલ સેશન્સ કોર્ટ દ્વારા વર્ષ-2019માં નોંધાયેલા આત્મહત્યા માટે દુષ્પ્રેરણાના ગુનામાં આરોપી દીપક રાવલ્યાભાઈ વળવીને અદાલતે નિર્દોષ જાહેર કર્યો હતો. કેસની કાયદાકીય સુનાવણી દરમિયાન સરકાર પક્ષ દ્વારા આરોપી વિરુદ્ધ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજૂ કરવામાં આવ્યા હતા.

જો કે, ટ્રાયલ દરમિયાન રજૂ થયેલા સાક્ષીઓનાં નિવેદનો, દસ્તાવેજી પુરાવાઓ તથા સમગ્ર કેસના રેકોર્ડનું બારીકાઈથી મૂલ્યાંકન કર્યા બાદ અદાલતે નોંધ્યું હતું કે, ફરિયાદ પક્ષ આત્મહત્યા માટે દુષ્પ્રેરણાના આક્ષેપોને વિશ્વસનીય અને નિઃશંકપણે સાબિત કરવામાં સંપૂર્ણપણે નિષ્ફળ રહ્યો છે. બંને પક્ષોની વિસ્તૃત દલીલો અને પુરાવાઓ ધ્યાને લીધા બાદ કોર્ટે આરોપીના પક્ષમાં ચુકાદો આપ્યો હતો. આ કેસમાં આરોપી તરફે નવસારીના ફોજદારી સિનિયર એડ્વોકેટ રાકેશ આર.પરદેશી, માંડવીના એડ્વોકેટ અપૂર્વસિંહ પરમાર તથા એડ્વોકેટ સેજલ ત્રિપાઠી રોકાયા હતા. તેઓ દ્વારા કોર્ટ સમક્ષ અસરકારક કાયદાકીય રજૂઆતો અને ધારદાર દલીલો કરવામાં આવી હતી, જેના અનુસંધાને અદાલતે આ નિર્ણય કર્યો છે.

અદાલતનો આ ચુકાદો આત્મહત્યાના દુષ્પ્રેરણા જેવા ગંભીર ગુનાઓમાં માત્ર આક્ષેપોના આધારે નહીં, પરંતુ આરોપીને દોષિત ઠેરવવા માટે કાયદાકીય રીતે અત્યંત વિશ્વસનીય અને નિઃશંક પુરાવાઓની અનિવાર્યતા પર ભાર મૂકતો એક મહત્ત્વપૂર્ણ નિર્ણય માનવામાં આવી રહ્યો છે.

### કામરેજમાં ઓનલાઈન સર્વિસનું કામ કરતા યુવક સાથે ઠગાઈ

કામરેજ: કામરેજ ચાર રસ્તા પાસે 'માય પે મોલ' નામથી મની ટ્રાન્સફરની દુકાન ચલાવતા અને ખોલવડની ક્રિષ્ના રેસિડન્સીમાં રહેતા વિવેક વસાણી સાથે ૨,૯૫,૯૯૫ની ઓનલાઈન છેતરપિંડી થઈ છે. ગત માર્ચ મહિનામાં અજાણ્યા નંબરથી ચેનારામ નામના ઈસમે સાયણ ખાતે નવી મની ટ્રાન્સફર સર્વિસ શરૂ કરવાના બહાને વિવેકભાઈનો સંપર્ક કર્યો હતો.

ત્યારબાદ ૨૨ એપ્રિલે વિવેકભાઈ સામાજિક પ્રસંગમાં વ્યસ્ત હોવાનો લાભ ઉઠાવી, ઠગે સ્ટાફના મિલનભાઈને 'વાત થઈ ગઈ છે' તેમ કહી અલગ-અલગ UPI આઈડી પર કુલ ૨,૯૫,૯૯૫ ટ્રાન્સફર કરાવી લીધા હતા.

છેતરાયાનો અહેસાસ થતાં વિવેકે ઓનલાઈન ફરિયાદ કરી હતી, જેના આધારે કામરેજ પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

## પાલોદમાં બાઈકસવાર રૂપિયા ઝૂંટવી છૂ

હથોડા: પાલોદ પોલીસ મથકથી થોડે દૂર સર્વિસ રોડ પર ધોળા દિવસે લૂંટની ઘટના પ્રકાશમાં આવી છે.

સુરતમાં રહેતા અને વેલાછા ગામે ઈંટોનો ભઠ્ઠો ચલાવતા મનહરભાઈ ધુળાભાઈએ તેમના મિત્ર પાસેથી ૫૦,૦૦૦ ઉછીના લીધા હતા. આ નાણાં પરત આપવા માટે તેઓ તેમના ભાઈ શૈલેષભાઈ સાથે મોટરસાઈકલ પર નીકળ્યા હતા.કીમ ચાર રસ્તા પાસે તેમની બાઈકમાં પંચર પડતાં તેઓ શિવશક્તિ હોટલ નજીક ગયા હતા.

જો કે, ત્યાં પંચરવાળા સાથે ટ્યુબના ભાવ ન જામતાં મનહરભાઈ ટ્યુબ ખરીદવા બીજી જગ્યાએ જવા નીકળ્યા હતા. આ દરમિયાન પાલોદ પોલીસ મથકના સર્વિસ રોડ પર મોટરસાઈકલ પર આવેલા બે અજાણ્યા બદમાશો મનહરભાઈના ખિસ્સામાંથી ૫૦,૦૦૦ની રોકડ ઝૂંટવીને પલકવારમાં ભાગી છૂટ્યા હતા. આ અંગે પાલોદ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### ભગવા ગામે જુગાર રમતા પાંચ જુગારી ઝડપાયા

સાયણ: ઓલપાડ પોલીસે કાંઠાના ભગવા ગામે બસ સ્ટેન્ડ નજીક રેઈડ પાડી જુગાર રમતા ૫ આરોપીને ઝડપી પાડ્યા છે. પોલીસે ઘટના સ્થળેથી જયેશ ભગવાકર, હિમાંશુ ભગવાકર, મણીલાલ પટેલ, ભરત ભગવાકર અને પ્રતીક ભગવાકરની ધરપકડ કરી છે. આરોપીઓ પાસેથી અંગજડતીના રૂ.૩,૯૫૦, દાવના રૂ. ૨,૦૧૦ અને રૂ.૮૫,૦૦૦ની કિંમતના ૫ મોબાઈલ મળી કુલ રૂ.૯૦,૯૬૦નો મુદ્દામાલ કબજે કરાયો છે. પોલીસે પાંચેય આરોપી વિરુદ્ધ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.